# ટોરેન્ટ પાવર લીમીટેડ
# ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ,
**છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫.**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ "ટીપીએલ-ડી" તરીકે કરાયો છે) દ્વારા કેસ નંબર ૨૧૮૧/૨૦૨૩ હેઠળ દહેજ સપ્લાય વિસ્તાર માટે (૧) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના ટ્રુઇંગ અપ (૨) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર નિર્ધારણ અને (૩) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સૂચિત કરવામાં આવેલ છે.

૩ દહેજ સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની મહેસુલી ખાધ/(પુરાંત)ની ગણતરી જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રજુ કરેલ એઆરઆરના અંદાજો અને અંદાજીત વીજ ખરીદી ખર્ચના આધારે તારવવામાં આવેલ સુધારેલા બેઝ એફપીપીપીએ સહિત હાલના વીજદરે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજીત વીજ વેચાણ ઉપર તારવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૪ ટીપીએલ-ડીએ સંચિત ખાધની વસૂલાત નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વીજદરમાં સરેરાશ ૧૬ પૈસા પ્રતિ યુનિટના વધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે. ટીપીએલ-ડી એ સુધારેલા વીજદરનો અમલ તા. ૧ એપ્રિલ, ૨૦૨૩ થી કરવા પ્રસ્તાવિત કરેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વીજદર માળખાના સૂચિત ફેરફાર અહીં નીચે દર્શાવેલ છે.

**દહેજ સપ્લાય વિસ્તાર માટેના સૂચીત દરો ના ફેરફાર**

| ક્રમ | કેટેગરી | ફિક્સ્ડ ચાર્જ | |
|---|---|---|---|
| ૧ | નોન-આરજીપી | ૧૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે | રૂા. ૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૨ | એલટીએમડી | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ | |
| | | બિલિંગ ડિમાન્ડના પ્રથમ ૪૦ કિલોવોટ માટે | રૂા. ૧૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| | | બિલિંગ ડિમાન્ડના પછીના ૨૦ કિલોવોટ માટે | રૂા. ૧૪૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| | | ૬૦ કિલોવોટ થી વધુની બિલિંગ ડિમાન્ડ માટે | રૂા. ૨૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૩ | એચટીપી-૧ | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ | |
| | | બિલિંગ ડિમાન્ડના પ્રથમ ૫૦૦ કેવીએ માટે | રૂા. ૨૫૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| | | બિલિંગ ડિમાન્ડના પછીના ૫૦૦ કેવીએ માટે | રૂા. ૩૩૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| | | ૧૦૦૦ કેવીએ થી વધુની બિલિંગ ડિમાન્ડ માટે | રૂા. ૫૨૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૪ | એચટીપી-૨ | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ | |
| | | બિલિંગ ડિમાન્ડના પ્રથમ ૫૦૦ કેવીએ માટે | રૂા. ૧૨૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| | | બિલિંગ ડિમાન્ડના પછીના ૫૦૦ કેવીએ માટે | રૂા. ૨૩૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| | | ૧૦૦૦ કેવીએ થી વધુની બિલિંગ ડિમાન્ડ માટે | રૂા. ૩૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૫ | એચટીપી-૩ | કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ માટે | રૂા. ૧૯ પ્રતિ કેવીએ પ્રતિ દિન |
| ૬ | ડબ્લ્યુડબ્લ્યુએસપી | રૂા. ૨૫ પ્રતિ એચપી પ્રતિ માસ | |
| ૭ | ટેમ્પરરી સપ્લાય | રૂા. ૨૦ પ્રતિ કિલોવોટ પ્રતિ દિન | |

- એફપીપીપીએ ચાર્જ માનનીય કમીશનની મંજુરી અનુસાર વસુલવામાં આવશે.
- ટીપીએલ-ડીએ નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા. ૧.૫૦ પ્રતિ યુનીટના વધારાના વીજદરે વૈકલ્પિક "ગ્રીન ટેરિફ" રજુ કરવાનો પણ પ્રસ્તાવ કરેલ છે.
- ઓપન એક્સેસ ચાર્જીસ : ટીપીએલ-ડીએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતાં વ્હિલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઈ :**

૫. નિરીક્ષણ માટે અરજીની નકલો ટોરેન્ટ પાવર લીમીટેડ, પ્લોટ નંબર ઝેડ-૨૧, ૩૩ કેવી ટીપીએલ સબસ્ટેશન, દહેજ એસ. ઈ. ઝેડ, તા. વાગરા, જિ. ભરૂચની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં અરજીની નકલ રૂા. ૧૪૦/- રોકડેથી અથવા ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને સુરત ખાતે ચૂકવી શકાય તેવા ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે ટપાલ ખર્ચના રૂા. ૫૦/- (રૂપિયા પચાસ) વધુ ચૂકવવાના રહેશે.

૬. ઉપરોક્ત અરજીની ઈલેક્ટ્રોનિક નકલ વેબસાઈટ www.torrentpower.com ના રેગ્યુલેટરી સેકશન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકાઃ**

૭. આથી લાગુ પડતા નિયમો અનુસાર, જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઈપણ વ્યક્તિને પોતાના વાંધા-સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવિટ સાથે, સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫ ને તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
"સમન્વય", ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN: L31200GJ2004PLC044068

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**

**તા.: ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૩**